## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

### ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) માર્ચ-૨૦૨૪ પરીક્ષાના પરિણામની ગુણચકાસણી, અવલોકન અને OMR COPY તથા રિપોર્ટ અંગે

### અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૪ પરીક્ષાનું પરિણામ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ જાહેર થયેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણી, ઉત્તરવહી અવલોકન અને OMR COPY મેળવવા માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલ આખરી સુધારા(Change/No Change) દર્શાવતો રીપોર્ટ, OMR Copy અને વેરીફીકેશન રિપોર્ટ બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન મૂકવામાં આવેલ છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો રિપોર્ટ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sci.gseb.org** પરથી તા.૧૨/૦૬/૨૦૨૪ થી તા.૨૨/૦૬/૨૦૨૪ સુધી તેમના દ્વારા કરવામાં અરજીની વિગતો (બેઠક નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ) એન્ટર કરી, લોગ-ઇન થઇ, ઓનલાઇન ડાઉનલોડ કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે અવલોકન/ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી, તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરીએ 'ક' શાખામાં જમા કરાવવાના રહેશે. ઉમેદવારોએ ગુણચકાસણી રીપોર્ટ, OMR COPY અને વેરીફીકેશન રિપોર્ટ ફકત ઓનલાઇન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પદ્ધતિ અમલમાં નથી. જેની શાળાના આચાર્યશ્રી, વાલી તથા તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

તારીખ:-૧૨/૦૬/૨૦૨૪

સ્થળ :- ગાંધીનગર

નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર